# ગુમાસ્તાધારા ખાતું

## વારંવાર પુછવામાં આવતા પ્રશ્નો

પ્રશ્ન ૧). ગુમાસ્તાધારા નોંધણી અંગેનું પ્રમાણપત્ર કોણે મેળવવું જરૂરી છે ?

જવાબ ) મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં આવતા કોઇપણ પ્રકારનો ધંધો કરનાર તામામ દુકાનદાર,સંસ્થાઓ કે જે ગુમાસ્તાધારા ની વ્યાખ્યામાં આવતા હોઇ તેમને સંસ્થાની નોંધણી અંગેનું પ્રમાણપત્ર મેળવવું ફરજીયાત છે.

પ્રશ્ન ૨) ગુમાસ્તાધારા નોંધણી કે રીન્યુઅલ માટે કોઇ ફોર્મ ભરવું જરૂરી છે કે કેમ ?

જવાબ) ગુમાસ્તાધારાની નવી નોંધણી માટે Form-A તથા રીન્યુઅલ માટે Form-D ભરવાના હોય છે. જે મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઇટ અને સિટિ સિવિક સેન્ટર્સ/જન સેવા કેંન્દ્ર પરથી મળી રહે છે.

પ્રશ્ન ૩) ગુમાસ્તાધારા નોંધણી કે રીન્યુઅલ માટેના ફોર્મ સાથે ક્યા પુરાવાઓ સામેલ કરવાના રહેલ છે

જવાબ ) ગુમાસ્તાધારા નોંધણી કે રીન્યુઅલ માટેના ફોર્મ સાથે નીચે મુજબના પુરાવાઓ સામેલ કરવા

૧) પ્રોપરાઇટર કે પાર્ટ્નરના પાસપોર્ટ સાઇજના બે ફોટા

૨) રજીસ્ટ્રેશન માટે ફોર્મ નં. એ અને રીન્યુઅલ માટે ફોર્મ નં. ડી

૩) ધંધાની પ્રોફેશનલ ટેક્ષ ભર્યા અંગેની ચાલુ વર્ષની પહોચ અને પ્રમાણપત્ર

૪) ધંધાના સ્થળનુ તેમજ માલીકના રહેઠાણનુ પ્રોપર્ટી ટેક્ષ નુ ચાલુ વર્ષનુ બીલ અને પહોચો

૫) માલીક કે પાર્ટનરના ઓળખ અંગેના પુરાવા જેમ કે પાન કાર્ડ ડ્રાઇવીંગ લાઇસન્સ વગેરે

૬) ધંધાનુ વીજીટીંગ કાર્ડ અને લેટરપેડ / સીક્કો

૭) ભાડેથી ધંધો હોય તો ભાડા કરાર અને પાર્ટનર હોય તો ભાગીદારી દસ્તાવેજ

૮) ધંધાનુ ખરીદ વેચાણ અંગેના બીલ નો નમુનો તેમજ તેને સંલગ્ન પુરાવા

પ્રશ્ન ૪) ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણ પત્ર કેટલા સમયગાળા માટે રીન્યુઅલ કરવામાં આવે છે ?

જવાબ) પાંચ વર્ષ માટે રીન્યુઅલ કરવામાં આવે છે

પ્રશ્ન ૫) ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્ર અરજી કરેથી કેટલા સમયમાં આપવામાં આવે ?

જવાબ) પુરાવા સાથેની અરજી કરેથી ૩૦ દિવસમાં આપવામાં આવે.

પ્રશ્ન ૬) ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્રમાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવાની શી પ્રક્રિયા છે?

જવાબ: ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્ર કોઇપણ પ્રકારનો ફેરફાર કરાવવા માટે સિટિ સિવિક સેન્ટર્સ/જન સેવા કેંન્દ્રમાંથી ફોર્મ – E ભરી જરુરી પુરાવા રજુ કર્યેથી કરાવી શકાય છે.

પ્રશ્ન ૭) ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્ર માટેની ફીનુ ધોરણ શું હોય છે.

જવાબ) ગુમાસ્તાધારા નોંધણી પ્રમાણપત્ર માટેની ફીનુ ધોરણ નીચે મુજબ છે.

નમુના “એ” ના વિવરણ પત્રક સાથે ભરવાની વાર્ષીક ફી

| અનુ નં. | સંસ્થાનો પ્રકાર | નોંધણી માટેની ફી (રૂ!) |
|---|---|---|
| ૧ | ૧૦ કે વધારે નોકરીયાત વાળી વેપારી સંસ્થઓ | ૬૦.૦૦ |
| ૨ | ૧૦થી ઓછા નોકરીયાત વાળી વેપારી સંસ્થઓ | ૬૦.૦૦ |
| ૩ | ૧૦ કે વધારે નોકરીયાત વાળી દુકાનો | ૬૦.૦૦ |
| ૪ | ૧૦થી ઓછા નોકરીયાત વાળી દુકાનો | ૪૦.૦૦ |
| ૫ | રહેવાની સગવડ ધરાવતી હોટલો | ૬૦.૦૦ |
| ૬ | રેસ્ટોરા અને ભોજન ગ્રુહો | ૬૦.૦૦ |
| ૭ | થીયેટરો અને આનંદ પ્રમોદ કે મનોરંજન માટેના બીજા જાહેર સ્થળો | ૬૦.૦૦ |
| ૮ | કોઇ પણ નોકરીયાત ન રાખતી સંસ્થાઓ | ૨૦.૦૦ |

નમુના “ડી” ના વિવરણ પત્રક સાથે ભરવાની વાર્ષીક ફી

| અનુ નં. | સંસ્થાનો પ્રકાર | નોંધણી માટેની ફી (રૂ!) |
|---|---|---|
| ૧ | ૧૦ કે વધારે નોકરીયાત વાળી વેપારી સંસ્થઓ | ૩૦.૦૦ |
| ૨ | ૧૦થી ઓછા નોકરીયાત વાળી વેપારી સંસ્થઓ | ૨૦.૦૦ |
| ૩ | ૧૦ કે વધારે નોકરીયાત વાળી દુકાનો | ૩૦.૦૦ |
| ૪ | ૧૦થી ઓછા નોકરીયાત વાળી દુકાનો | ૨૦.૦૦ |
| ૫ | રહેવાની સગવડ ધરાવતી હોટલો | ૩૦.૦૦ |
| ૬ | રેસ્ટોરા અને ભોજન ગ્રુહો | ૩૦.૦૦ |
| ૭ | થીયેટરો અને આનંદ પ્રમોદ કે મનોરંજન માટેના બીજા જાહેર સ્થળો | ૩૦.૦૦ |
| ૮ | કોઇ પણ નોકરીયાત ન રાખતી સંસ્થાઓ | ૨૦.૦૦ |

પ્રશ્ન ૮) ગુમાસ્તાધારા ઇંન્સપેકટર દ્વારા સ્થળ તપાસમાં શું ખાતરી કરવામાં આવે છે?

જવાબ ૮) ગુમાસ્તાધારા ઇન્સપેક્ટરને પત્રક અને ફી મળે એટળે, ઇન્સપેક્ટર ફોર્મના ખરાપણાં વિશે પોતાની ખાતરી માટે અરજી સાથે આવેલ પુરાવાઓની ચકાસણી કરવામા આવે છે. તેમજ પત્રક માં જણાવેલ વિગતોં નામ, સરનામા, ધંધાનુ નામની ખાતરી કરવામાં આવે છે. મુંબઇ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ની જોગવાઇ મુજબ ખાત્રી કરવામાં આવે છે.